ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩



## ખંભાતમાં ધી ખેડા ડિસ્ટ્રીક્ટ સેન્ટ્રલ કો.ઓ. બેંકના કર્મચારીની જાગૃતતાથી જમીન કૌભાંડ અટક્યું, બેંક સત્તાધીશો એક્શન મોડમાં આવ્યા

# ખંભાતમાં સરકારી જમીન સગેવગે કરવાના કૌભાંડની શંકા

**સરકારી પડતર** જમીનનો દાખલો લેવા આવેલા વૈણજના શખ્સની સઘન પૂછપરછ જરૂરી




(પ્રતિનિધિ) ખંભાત તા.29


ખંભાતની કેડીસીસી બેંકની શાખામાં ફરજ બજાવતા કર્મચારીને સરકારી પડતર જમીન પર બેંકનું લેણું નથી. તેવો દાખલો ન આપવા બાબતે એક શખ્સે ઉશ્કેરાઈ જઈને ગાળાગાળી કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યો હોવાનો બનાવ બન્યો હતો. આ પ્રકરણમાં ઊંડી તપાસની માંગ ઉઠી છે. સરકારી જમીનમાં ના બોજાનો દાખલાનો શો ઉપયોગ કરવાનો હતો ? શું ખંભાતમાં સરકારી જમીન ખાનગી વ્યક્તિના નામે ચડાવવાનું કોઈ કૌભાંડ ચાલી રહ્યું છે ? તે સહિતના અનેક પ્રશ્ન ઉઠ્યાં છે.

ખંભાતમાં ત્રણ બત્તી પાસે આવેલી કેડીસીસી બેંકની શાખામાં આસીસ્ટન્ટ ઈન્સ્પેક્ટર મૌલિક દરજી 16મી માર્ચના રોજ ફરજ પર હાજર હતાં. તે સમયે એક યુવક વૈણજ ગામની સીમ સર્વે નંબર 535ની 7/12ની નકલ લઈને આવ્યો હતો અને આ જમીન પર બેંકનું કોઈ લેણું બાકી નથી તેવા દાખલાની માંગણી કરી હતી. જોકે, જમીનની નકલમાં કબ્જેદાર તરીકે 'સરકારી પડતર જમીન'નો ઉલ્લેખ હોવાથી કર્મચારીએ દાખલો આપવાની ના પાડી હતી. બાદમા સાંજે 5 વાગ્યાના સુમારે તોગાભાઇ ભરવાડ તે જ જમીનની નકલ લઈને આવ્યા હતા અને દાખલાની જીદ કરી હતી. જોકે, દસ્તાવેજોમાં ચેકચાક હોવાથી અને જમીન સરકારી હોવાથી કર્મચારીએ ફરીથી ઈન્કાર કરતા તોગાભાઈ ઉશ્કેરાઈ ગયો હતો. તેમણે સ્ટાફની હાજરીમાં જ અસભ્ય વર્તણૂક કરી હાથાપાઇ કરી હતી અને ધમકી આપી હતી. આ ઘટનાને પગલે બેંકના સત્તાધીશો તુરંત પોલીસ કાર્યવાહી કરી હતી. અલબત્ત, આ ઘટનાએ ખંભાતમાં જમીન કૌભાંડની વાતને બળ આપ્યુ છે. સરકારી જમીનમાં બેંકનું લેણું ન હોવાનું નામ જોગ દાખલો લઇ તેનો શો ઉપયોગ કરવાનો હતો ? તે તપાસ જરૂરી બની છે.

### ખંભાતમાં સરકારી જમીન સગેવગે કરવાનું કૌભાંડ ?

વૈણજ ગામનો શખસ સરકારી જમીનમાં 'બેંકનું કોઈ લેણું બાકી નથી' તેવો દાખલો લેવા આવ્યો હતો. જોકે, સરકારી જમીન માટે આવા દાખલા લઇ તેનો શું ઉપયોગ કરાતો હશે ? તે પ્રશ્ન ચર્ચાનો વિષય બન્યો છે. સૂત્રોના જણાવ્યાનુસાર, આવા દાખલા થકી સરકારી જમીનમાં ત્રાહિત વ્યક્તિના નામ ચડી જાય છે અને બાદમાં સગેવગે થઇ જાય છે. વૈણજના કિસ્સામાં પણ જમીન પર પ્લોટીંગ કે કોઇ સાઇટ બનાવવાના ઇરાદે આ દાખલો કઢાવવા કોશિષ કરાયાની શંકા ઉપજી છે. જોકે, આ બાબતે રાજકીય શેહશરમ રાખ્યા વગર પોલીસ અને રેવન્યૂ રાહે તપાસ થાય તો ઘણાં કૌભાંડ બહાર આવી શકે તેમ છે.

### બેંકમાં રજુ કરાયેલા દસ્તાવેજોમાં ચેકચાક હતી



ખંભાતમાં કેડીસીસી બેંકના કર્મચારીની જાગૃતતાના કારણે સરકારી જમીન બચી ગઇ છે. પરંતુ આ કેસમાં અનેક સવાલો ઉભા થયાં છે. ખાસ કરીને બેંકમાં જે વ્યક્તિ દાખલો લેવા આવ્યો હતો તેણે રજૂ કરેલા દસ્તાવેજોમાં ચેકચાક હતી. આ ઉપરાંત સવારે દાખલો લેવા આવેલો શખસ કોણ હતો ? શું કોઇ તે ભૂમાફિયા હતો ? આવી જ રીતે અગાઉ કેટલા દાખલા અપાયા છે અને તેનો શું ઉપયોગ થયો છે ? તે તપાસ જરૂરી બની છે.

## ખેડા હાઈવે પર 'મોતનો કટ' | અમદાવાદના બે જોડિયા ભાઇઓ સહિત પિતાએ જીવ ગુમાવ્યો

# ખેડામાં પિતા અને 2 પુત્રને કાળમુખાં ટ્રકે કચડતાં મોત

**વાસણાનો શાહ** પરિવાર લીંબાસી દુકાને જઈ રહ્યો હતો ત્યારે કાળ ભેટ્યો






તસવીર: પ્રગ્નેશ ભાવસાર

(પ્રતિનિધિ) નડિયાદ તા.29

ખેડા નજીકથી પસાર થતા નેશનલ હાઈવે નંબર 48 પર અકસ્માતોનો રક્તપાત અટકવાનું નામ નથી લઈ રહ્યો. રવિવારે સવારે વડાલા પાટીયા કટ પાસે એક પૂરઝડપે આવતા આઈશર ટ્રકે મોટર સાયકલને જોરદાર ટક્કર મારતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ દુર્ઘટનામાં અમદાવાદના વાસણા વિસ્તારમાં રહેતા શાહ પરિવારના પિતા અને બે પુત્રો સહિત ત્રણ સભ્યોના કરુણ મોત નિપજતા સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે. હાઈવે પરના જોખમી કટને કારણે સર્જાયેલા આ અકસ્માતે ફરી એકવાર તંત્રની બેદરકારી સામે સવાલો ઉભા કર્યા છે.

આ ઘટનાની વિગતો મુજબ, અમદાવાદના વાસણામાં રહેતા નવલભાઈ મણીભાઈ શાહ (ઉંમર આશરે 60) અને તેમના બે પુત્રો જયકુમાર તથા જીનેશકુમાર રવિવારે સવારે આશરે 10:45 વાગ્યે પોતાની મોટર સાયકલ પર સવાર થઈ લીંબાસી સ્થિત પોતાની કાપડની દુકાને જવા નીકળ્યા હતા. તેઓ જ્યારે વડાલા પાટીયા કટ પાસેથી રોડ ક્રોસ કરી રહ્યા હતા, ત્યારે વડોદરાથી અમદાવાદ તરફ જતી આઈશર ટ્રકના ચાલકે ગફલતભરી રીતે ટ્રક હંકારી બાઈકને અડફેટે લીધું હતું.

આ અકસ્માતમાં એક પુત્રનું ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું. જ્યારે પિતા-પુત્રએ સારવાર દરમિયાન દમ તોડ્યો હતો. આ ટક્કર એટલી જોરદાર હતી કે ત્રણેય વ્યક્તિઓ રોડ પર ફંગોળાયા હતા. જેમાં જયકુમારને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેનું સ્થળ પર જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. જ્યારે ગંભીર રીતે ઘવાયેલા પિતા નવલભાઈ અને અન્ય પુત્ર જીનેશકુમારને તાત્કાલિક 108 મારફતે ખેડા સિવિલ અને ત્યારબાદ વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જોકે, ટૂંકી સારવાર બાદ બંનેના કરુણ મોત નિપજ્યા હતા.

આ અકસ્માત બાદ ખેડા ટાઉન પોલીસે આઈશર ટ્રક ચાલક હસીબુરહેમાન મજીબુરહેમાન કુરેશી વિરુદ્ધ ગુનો નોંધી તેને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે. મૃતકના પિતરાઈ ભાઈ પરેશકુમાર શાહની ફરિયાદના આધારે પોલીસે અકસ્માતગ્રસ્ત વાહનો કબજે કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### વડાલા કટ 'ડેથ ઝોન' 24 કલાકમાં 4 મોત

સ્થાનિકોના જણાવ્યા અનુસાર, ખેડા અને બારેજા વચ્ચેના નેશનલ હાઈવે પર છેલ્લા 24 કલાકમાં જ અલગ-અલગ 4 અકસ્માતોમાં 4 લોકોએ જીવ ગુમાવ્યા છે. વડાલા ગેસ પ્લાન્ટ સામેનો હાઈવે કટ અકસ્માતોનું મુખ્ય કેન્દ્ર બની ગયો છે. વારંવારની રજૂઆતો છતાં હાઈવે ઓથોરિટી દ્વારા આ જોખમી કટ બંધ કરવામાં ન આવતા નિર્દોષ લોકો બલિ ચડી રહ્યા છે, જેને પગલે વાહનચાલકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

## ચૂંટણી પહેલાં જ પ્રમુખપદ મામલે રાજકીય ચહલપહલ શરૂ

# આણંદની 4 તાલુકા પંચાયતમાં પ્રમુખપદ મહિલાઓ સંભાળશે

**પેટલાદ,** ખંભાત અને તારાપુર તાલુકામાં પ્રમુખપદ બિનઅનામત

**બોરસદ,** ઉમરેઠ અને સોજીત્રામાં સામાન્ય મહિલા અનામત

**આણંદ** સામાન્ય બક્ષિપંચ, આંકલાવ બક્ષિપંચ મહિલા

(પ્રતિનિધિ) આણંદ તા 29

ગુજરાત રાજ્યમાં આવનારા સમયમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ એટલે કે જીલ્લા - તાલુકા પંચાયતો, નગરપાલિકા અને કોર્પોરેશન ચૂંટણીઓ જાહેર થવાની તૈયારીઓ પુરજોશમાં ચાલી રહી છે. ત્યારે તાજેતરમાં જ રાજ્યના તમામ જીલ્લા તાલુકા પંચાયત પ્રમુખ પદ માટે રોટેશન જાહેર કરવામાં આવ્યું છે. જેમાં આણંદ જિલ્લાના આઠ તાલુકાઓ પણ સમાવેશ કરાયો છે. ચુંટણી પૂર્વે જ પ્રમુખપદ મામલે રાજકીય માહોલ ગરમાયો છે.

ગુજરાત સરકારે એક મહત્વપૂર્ણ નિર્ણય લઇ આણંદના આઠ તાલુકા પંચાયતોના પ્રમુખપદે અનામત રોટેશન જાહેર કરી દીધુ છે. જેના કારણે આવનારી પંચાયત ચૂંટણી પહેલાં રાજકીય ચહલપહલ તેજ બની છે.

રાજ્ય સરકાર દ્વારા જાહેર કરાયેલા અનામત રોટેશન મુજબ આણંદ પંચાયતનું પ્રમુખપદ હવે બક્ષીપંચ વર્ગ માટે અનામત રાખવામાં આવ્યું છે. આ સાથે આંકલાવ તાલુકા પંચાયતમાં બક્ષીપંચ જાતિની મહિલા પ્રમુખ બનશે, જેને કારણે જીલ્લાના બન્ને તાલુકામાં સામાજિક અને રાજકીય સમીકરણોમાં મોટો ફેરફાર થવાની શક્યતાઓ બળવત્તર બની છે.આમ આણંદ અને આંકલાવ તાલુકા પંચાયત ખાતે બક્ષીપંચ વર્ગના સભ્યો માટે પ્રમુખ બનવાનો માર્ગ ખુલ્લો થયો છે. સ્થાનિક રાજકારણમાં આ બદલાવને કારણે નવી લોબી અને ગઠબંધનો ઉભા થવાની શક્યતા વધી છે.

બોરસદ, સોજીત્રા અને ઉમરેઠ તાલુકા પંચાયતમાં સામાન્ય મહિલા માટે અનામત જાહેર થતાં આ વર્ગની મહિલાઓમાં રાજકીય સક્રિયતા વધવાની શક્યતા છે. બીજી તરફ જિલ્લાના અન્ય તાલુકાઓમાં પણ રોટેશન મુજબ અનામત ગોઠવણ જાહેર થતા સ્થાનિક સ્તરે રાજકીય ગણિત ગોઠવાઈ રહ્યું છે. પેટલાદ , ખંભાત અને તારાપુર તાલુકાઓમાં પ્રમુખપદ બિનઅનામત રહેશે.

આણંદ જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચૂંટણીના પડઘમ વાગી ગયાં છે. આ વખતે ચૂંટણી લડવા માટે ઉમેદવારો થનગની રહ્યાં છે. પરંતુ નવા રોટેશનમાં અનેકની આશા પર પાણી ફરી વળ્યું છે. તેમાંય 28 ટકા ઓબીસી અનામત બાદ પ્રથમ ચૂંટણી હોવાથી મામલો વધુ કશ્મકશ બન્યો છે. રાજકીય પક્ષોના મોવડી મંડળોને પણ મને કમને કેટલાક ઉમેદવારોના નામ પર કાતર મુકવાની ફરજ પડશે. જેને લઇ તોડજોડ નીતિ શરૂ થશે.

### ઉપપ્રમુખપદ માટે પણ સ્પર્ધા જામશે તો પક્ષના મોવડી મંડળ માટે વિકટ પરિસ્થિતિ

આણંદ જિલ્લામાં કોંગ્રેસે પોતાનો દબદબો પુનઃ સ્થાપિત કરવા માટે સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓમાં ઉમેદવારની પસંદગીથી લઈને પ્રચાર-પ્રસાર સુધીની બાબતે જહેમત ઉઠાવવી પડશે. જયારે ભાજપના રાજકીય અગ્રણીઓ માટે નવા રોટેશનની અસર વધુ હોવાથી નવા સમીકરણ ગોઠવવા જરુરી બનશે. ખાસ કરીને પ્રમુખપદ માટે સામાન્ય બેઠકો માત્ર ચાર હોવાથી સત્તામાં પોતાનું વર્ચસ્વ જાળવી રાખવા માટે જાણીતા નેતાઓએ નછૂટકે પણ પ્રમુખપદ માટે મહિલા અનામતની તાલુકા પંચાયતમાં ઉપપ્રમુખપદ મેળવીને સંતોષ માનવો પડશે જો કે ઉપપ્રમુખપદ માટે પણ અંદરોઅંદર સ્પર્ધા જામશે તો પક્ષના મોવડી મંડળ માટે વિકટ પરિસ્થિતિ થવાની સંભાવના અત્યારથી જે વ્યકત થઈ રહી છે.

### પ્રમુખપદ મેળવવાની મહત્વાકાંક્ષા ધરાવતા ભાજપ, કોંગ્રેસ સહિત રાજકીય પક્ષોના ઉમેદવારોને નવા રોસ્ટરમાં આંચકો

રાજય ચૂંટણી પંચ દ્વારા સ્થાનિક સ્વરાજયની ચૂંટણીની જાહેરાત ગમે ત્યારે થઇ શકે તેવી શકયતા પ્રવર્તી રહી છે. ત્યારે સ્થાનિક સ્વરાજયની સંસ્થામાં પ્રમુખપદ મેળવવા માટે મહિનાઓથી સક્રિય દાવેદારી, લોબીંગ કરી રહેલા ભાજપ, કોંગ્રેસના અનેક રાજકીય અગ્રણીઓ માટે અનામત (રોસ્ટર) ના કારણે પ્રમુખપદ મેળવવું અઘરું બની રહેશેની પણ ચર્ચા થવા લાગી છે. રાજય વિકાસ કમિશ્નર દ્વારા આગામી જિલ્લા-તાલુકા પંચાયતોની ચૂંટણીઓને લઈને પ્રમુખપદના રોટેશન જાહેર કરાયા છે. રોટેશનના કારણે આણંદ જિલ્લાની મોટાભાગની પ્રમુખપદની બેઠકો ઉપર ઓબીસી અને મહિલાઓનો પણ સમાવેશ કરાયો છે. જેથી હવેની ચૂંટણીમાં પ્રમુખપદ મેળવવાની મહત્વાકાંક્ષા ધરાવતા ભાજપ, કોંગ્રેસ સહિતના ઉમેદવારોને આંચકો લાગ્યો હોવાનું ચિત્ર સ્પષ્ટ થયું છે.

## મહાકાળી ફાયનાન્સના સંચાલકોએ નાણાં માટે બ્લેકમેલિંગ શરૂ કર્યું

# લુણાવાડામાં વ્યાજખોરે 12 લાખની લોન સામે 90 લાખની માગણી કરી

**વેપારીની દુકાન** પચાવી પાડવા રચ્યું ષડયંત્ર

(પ્રતિનિધિ) લુણાવાડા તા.29

લુણાવાડામાં આર્થિક સંકડામણનો લાભ ઉઠાવી મહાકાળી ફાયનાન્સના સંચાલકોએ એક શખ્સને વ્યાજના ચક્રવ્યુહમાં ફસાવી બ્લેકમેલિંગ કર્યું હોવાની ઘટના સામે આવી છે. 12.44 લાખની લોન સામે 34 લાખથી વધુ રકમ વસૂલ કરી લીધા છતાં, ફાયનાન્સ કંપનીના માલિકોએ ખોટું દેવું ઊભું કરી કુલ 90 લાખની ઉઘરાણી શરૂ કરતા પોલીસ ફરિયાદ નોંધાઈ છે.

લુણાવાડામાં ટિફિન સર્વિસ ચલાવતા શૈલેષકુમાર કાછીયા કોરોના મહામારીમાં ધંધો ઠપ્પ થતા આર્થિક મુશ્કેલીમાં મુકાયા હતાં. આ સમયે તેઓએ મહાકાળી ફાયનાન્સ ચલાવતા પ્રશાંતકુમાર રાણા પાસેથી 10 ટકા વ્યાજે રૂ. 12.44 લાખનું ધિરાણ લીધું હતું. આ લોન પેટે તેઓ દરરોજ રૂ. 4,666નો હપ્તો નિયમિત ભરતા હતાં. શૈલેષકુમારે 23મી નવેમ્બર, 2023 સુધીમાં વ્યાજ સહિત કુલ રૂ. 34.58 લાખની રકમ ચૂકવી દીધી હતી. આમ છતાં, વ્યાજખોર પ્રશાંતકુમારે બ્લેકમેલિંગ શરૂ કર્યું હતું.

તેણે પોતાના ભાણેજ દ્વારા શૈલેષકુમારના નામે બેરેલ ચેકથી 33 લાખ રૂપિયા ઉપડાવી લીધા હતા અને ત્યારબાદ આ રકમને પણ શૈલેષકુમારના માથે દેવા તરીકે મઢી દઈ કુલ 90 લાખની ઉઘરાણી શરૂ કરી હતી. વ્યાજખોરે માત્ર નાણાં જ નહીં, પરંતુ શૈલેષકુમારની દુકાન પર બે મહિનાનું ગિરોખત કરાવી તેમની જાણ બહાર દસ્તાવેજ પણ કરાવી લીધો હત. જ્યારે શૈલેષકુમારે પોતાના અસલ દસ્તાવેજો અને ચેક પાછા માંગ્યા, ત્યારે આરોપીઓએ ધાક-ધમકી આપી 90 લાખની માંગણી કરી હતી. અંતે ભોગ બનનારા વેપારીએ પ્રશાંતકુમાર રાણા અને આકાશકુમાર રાણા સામે લુણાવાડા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.


મહિસાગર જિલ્લામાં વ્યોજખોરોનો ત્રાસ વધી રહ્યો છે. આ અંગે પોલીસ લોકદરબાર યોજી વ્યાજખોરો સામે કડક કાર્યવાહી કરવા માગ ઉઠી છે.

# ખેડૂતો માટે આશીર્વાદરૂપ આઈ પોર્ટલ ત્રીજા દિવસે પણ ઠપ

(પ્રતિનિધિ) આણંદ તા 28

આણંદ જીલ્લામાં ખેડૂતોને સહાય યોજનાઓ લાભ માટે 27 માર્ચથી એક મહિના માટે પોર્ટલ ખુલ્લુ કરવામાં આવ્યું છે. પરંતુ સતત 3 દિવસ આઈ-ખેડૂત પોર્ટલ પર નોંધણી માટે હાલાકી ભોગવવી પડી રહી છે. સમગ્ર જીલ્લામાં ગામે ગામ ખેડૂતો વિવિધ સહાય યોજના માટે ખુબ જ ઉત્સુક હતા. પરંતુ પોર્ટલ પર નોંધણી કરવાની ખેડૂતોની ઉત્સુકતા પર પાણી ફરી વળ્યુ છે. પોર્ટલ પર નોંધણી શરૂ ના થતાં ખેડૂતોમાં નારાજગી પ્રસરી છે.

આઈ-ખેડુત પોર્ટલ પર જરૂરીયાત મુજબના સાધન સહાય યોજના અંતર્ગત વિવિધ પ્રકારના સાધન સામગ્રી ચીજ વસ્તુઓ આપવાનું સરકારના ખેતીવાડી વિભાગ દ્વારા જાહેર કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત પોર્ટલ ખુલવાની રાહ જોઈ રહેલા




ખેડૂતોને સર્વર પ્રોબ્લેમ સર્જાવાની પરિસ્થિતિનો કપરો અનુભવ થયો છે. ટ્રેક્ટર મોબાઈલ તાડપત્રી, દવા છાંટવા માટેના પંપ, પાઈપ લાઈન, પાક સંરક્ષણ સાધનો સહિત વિવિધ યોજનાઓ હેઠળ લાભ મેળવવા ઈચ્છતા તમામ ખેડૂતોને ભારે હાલાકી ભોગવવી પડી છે.

આણંદ જિલ્લાના ખેડૂતોને ઓનલાઈન રજીસ્ટ્રેશન માટે મોટાભાગના વિસ્તારોમાં સર્વર પ્રોબ્લેમના કારણે નોંધણીથી વંચિત રહેવું પડતાં ભારે આક્રોશ વ્યક્ત કર્યો છે. વહેલામાં વહેલી તકે સર્વર પ્રોબ્લેમ માટે નિરાકરણ કરવામાં આવે તેવી માંગ ખેડુતો દ્વારા વ્યક્ત કરવામાં આવી છે.

# વડતાલધામમાં 7 પાર્ષદો અને 6 સાંખ્યયોગી બહેનોનું મોક્ષના માર્ગે પ્રયાણ

**આચાર્ય** રાકેશપ્રસાદજી મહારાજના હસ્તે ભાગવતી દીક્ષા વિધિ સંપન્ન

(પ્રતિનિધિ) આણંદ તા.29

સ્વામિનારાયણ સંપ્રદાયના આસ્થાના કેન્દ્ર વડતાલધામમાં ચૈત્રી એકાદશીના પવિત્ર દિવસે ભવ્ય દીક્ષા મહોત્સવ યોજાયો હતો. સદગુરુ ગોપાળાનંદ સ્વામીના આસને આચાર્ય રાકેશપ્રસાદજી મહારાજે 7 પાર્ષદોને ભાગવતી દીક્ષા આપી હતી. આ સાથે જ ગાદીવાળા માતૃશ્રીએ પણ 6 સાંખ્યયોગી બહેનોને દીક્ષા આપી ભક્તિના માર્ગે વાળ્યા હતા.

વડતાલ સ્વામિનારાયણ સંપ્રદાયના આચાર્ય રાકેશપ્રસાદજી મહારાજે ગાદી આરૂઢ થયા બાદ અત્યાર સુધીમાં કુલ 939 પાર્ષદોને દીક્ષા પ્રદાન કરી છે, જેમાં વડતાલના 484 અને જૂનાગઢના 384 સંતોનો સમાવેશ થાય છે. તેવી જ રીતે, ગાદીવાળા માતૃશ્રીએ પણ અત્યાર સુધી કુલ 372 સાંખ્યયોગી બહેનોને દીક્ષા આપી છે.

### નવીન દીક્ષિત સંતોની યાદી

દીક્ષા લેનાર સંતોમાં વડતાલના 3 અને જૂનાગઢના 4 સંતોનો સમાવેશ થાય છે. સાધુ બ્રહ્મમુનિદાસજી (માધવ ભગત), સાધુ મુક્તમુનિદાસજી (ધ્રુવ ભગત), સાધુ સેવપ્રિયદાસજી (પ્રકાશ ભગત), સાધુ નીલકંઠસ્વરૂપદાસજી (નીલકંઠ ભગત), સાધુ કરુણામૂર્તિદાસજી (કુલદીપ ભગત), સાધુ અખંડજીવનદાસજી (ચિંતન ભગત), સાધુ મનનપ્રિયદાસજી (મયંક ભગત).

દરમિયાન આચાર્યે સર્વ દીક્ષાર્થીઓને કંઠી અને જનોઈ ધારણ કરાવી કાનમાં ગુરુમંત્ર આપ્યો હતો. મહારાજે તમામ નવા દીક્ષિત સંતોને પોતાના ગુરુની આજ્ઞામાં રહી શાસ્ત્રોનો અભ્યાસ કરવાની શીખ આપી હતી. આ પ્રસંગે મંદિરના કોઠારી દેવપ્રકાશ સ્વામી, શાસ્ત્રી નારાયણચરણ સ્વામી અને શાસ્ત્રી નૌતમપ્રકાશદાસજી પણ ઉપસ્થિત રહ્યા હતા. દીક્ષા વિધિ બાદ તમામ નૂતન સંતોએ નિજ મંદિરમાં દેવોના દર્શન કર્યા હતાં.



ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
|---|---|
| જય એન્ટરપ્રાઈઝ | ઈશાન ન્યુઝ પેપર એજન્સી |
| કિશોર પ્લાઝા, | સાગર ભુવન, ડભાણ |
| આણંદ. | ભાગોળ, નડિયાદ |

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225